# પંદરમી ગુજરાત વિધાનસભા

# બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ

# બારમો અહેવાલ

હું બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો પ્રમુખ, તેના વતી સમિતિનો નીચે મુજબનો બારમો અહેવાલ રજૂ કરૂં છું.

સમિતિની બેઠક શનિવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૨૬ના રોજ સભાગૃહની બેઠકના વિરામ સમયની શરૂઆતમાં મળી હતી. આ બેઠકમાં મંગળવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૨૬ના રોજ સભાગૃહની બીજી બેઠકમાં સભાગૃહમાં હાથ ધરવાનાં બિન– સરકારી વિધેયકો માટે સમયની ફાળવણી કરવા અંગે સમિતિએ વિચારણા કરી હતી.

મંગળવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૨૬ના રોજ સભાગૃહની બીજી બેઠકમાં સભાગૃહમાં હાથ ધરવાનાં નીચે જણાવેલાં બિન–સરકારી વિધેયકો માટે તેની સામે જણાવ્યા મુજબના સમયની ફાળવણી કરવા સમિતિ ભલામણ કરે છે.

| ક્રમ | વિધેયકો | સમય (મિનિટમાં) |
|---|---|---|
| ૧. | માનનીય સભ્યશ્રી અમીત શાહનું સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૩નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક. | **૪૦** |
| ૨. | માનનીય સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાનું સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૨૩નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ (રદ કરવા) બાબત વિધેયક. | **૪૦** |
| ૩. | માનનીય સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાનું સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૩નું ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક. | **૪૦** |
| ૪. | માનનીય સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાનું સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક. | આગળના વિધેયકો પૈકી કોઈ એક વિધેયક હાથ ધરવામાં ન આવે તો તેને ફાળવેલો સમય |

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર,
તા. ૧૪મી માર્ચ, ૨૦૨૬

હિરાભાઇ સોલંકી
પ્રમુખ,
બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ.